Received on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 17-03-2026
Duration : Y M D
- - 11

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૧૭૫/૨૦૨૬.**

આંક-

**અરજદાર/આરોપી.** હાર્દિક ઉર્ફે હર્ષીલ દિપકભાઈ ઝાપડા,
ઉ.વ.આ.૨૧, ધંધો-વેપાર,
રહે.ગામ.કાંગશીયાળી, ધાર સોસાયટી,
તા.ધોરાજી, જી.રાજકોટ.
હાલ-જીલ્લા જેલ જુનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો:-** બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૯૯ તથા પોકસો ૪,૫ (એલ), ૬,૮,૧૨ મુજબ.

**સંદર્ભ:-** જૂનાગઢ એ ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૪૦૭૯૯/૨૪

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી આર.ડી.ઠાકર
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૪૦૭૯૯/૨૪, બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૯૯ તથા પોકસો ૪,૫ (એલ), ૬,૮,૧૨ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૭ થી તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી આર.ડી.ઠાકરનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જૂનાગઢ એ ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧ ૨૦૩૦૨૩૨૪૦૭૯૯/૨૪, બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧), ૯૯ તથા પોકસો ૪,૫ (એલ), ૬,૮,૧૨ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામે અરજદાર/આરોપીએ અગાઉ જામીન અરજી કરેલ હતી. જે નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ કેસના સંજોગોમાં ફેરફાર થયેલ છે. જેથી હાલની જામીન અરજી લાવેલ છે. આ કામે ફરીયાદી,ભોગબનનાર તથા મેડીકલ ઓફીસરની જુબાની નોંધવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, સદરહુ કામમાં હાલના કામના અરજદાર/આરોપીનો

કોઈ રોલ નથી. વધુમાં અરજદાર/આરોપી લાંબા સમયથી જેલમાં રહેલ છે. તેમજ અરજદાર/આરોપી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે તેમ જણાવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત નાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેના પોકસો કેસ નં.૨૭/૨૦૨૪ રહેલ છે. જે વિધારાધીન છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ અત્રેની કોર્ટમાં તેમજ નામદાર કોર્ટમાં જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ છે. આમ, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અધિકારી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું આંક–૦૭ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી સગીર હોવાનું જાણવા છતા ભોગબનનારને ફોન કરી રાજકોટ ખાતે આવવાનું કહેતા ભોગબનનારને આરોપી નં.૧ પોતાની મોટર સાઈકલમાં બેસાડી જુનાગઢ જગમાલ ચોક આવેલ આદિનાથ એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૦૩ માં લઈ જઈ ભોગબનનાર સાથે અવારનવાર શરીર સબંધ બાંધી બાદ ભોગબનનારને મોટર સાઈકલમાં બેસાડી જુનાગઢ દોલતપરા બસ સ્ટેન્ડ ખાતે મુકવા ગયેલ ત્યારે ભોગબનનાર પાસેથી પેટ્રોલના રૂા.૧૦૦ લીધેલ તેમજ ભોગબનનાર રાજકોટ જવા માટે નીકળેલ ત્યારે આરોપી નં.૯ ની ભોગબનનાર સાથે મોબાઈલ ફોનમાં વાતચીત ચાલુ હતી અને ભોગબનનારને રાજકોટ ગોંડલ ચોકડી ખાતે ઉતરી જવાનું જણાવેલ જેથી

ભોગબનનાર ઉતરેલ બાદ આરોપી નં.૯ નો ભોગબનનારને બુલેટમાં બેસાડી રાજકોટ રેસકોર્ષ ખાતે લઈ ગયેલ અને ત્યાંથી અને ત્યાંથી તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ રાજકોટ બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષમાં આવેલ હોટલ ગ્લોરીમાં લઈ ગયેલ અને ભોગબનનાર સગીર વયના હોવાનું આરોપી નં.૯ જાણતો હોય આરોપી નં.૯ નાએ ભોગબનનારના આધારકાર્ડની જગ્યાએ સાહેદ નં.૩૭ ના આધારકાર્ડની નકલ હોટલમાં આપી ભોગબનનારને હોટલ ગ્લોરીમાં લઈ જઈ અવારનવાર શરીર સબંધ બાંધેલ હતો તેમજ આરોપી નં.૯ નાએ પોતાના મિત્રો સાથે મળી ભોગબનનાર સગીર વયના હોવાનું જાણવા છતાં ભોગબનનારની એકલતાનો લાભ લઈ આરોપીઓએ આ કામના ભોગબનનારના મોબાઈલ ફોન નંબર એકબીજાને આપી આરોપીઓ તથા ભોગબનનારને એકબીજા સાથે સંપર્ક કરી અલગ અલગ હોટલોમાં અલગ અલગ તારીખે આરોપીઓએ ભોગબનનાર સગીર વયના હોવાનું જાણવા છતાં ભોગબનનારની એકલતાનો લાભ લઈ અવારનવાર શરીર સબંધ બાંધી જાતીય સતામણી કરી આરોપી નં.૪ નાએ ગ્રાહક બોલાવી ભોગબનનાર સાથે શરીર સબંધ બંધાવી તથા પોતે પણ શરીર સબંધ બાંધી તેમજ આરોપી નં.૩ નાએ ભોગબનનારને પોતાની હોટલમાં સાતેક દિવસ રૂમ આપી આરોપી નં.૩ તથા ૧૨ તથા પકડવાના બાકી આરોપી વિક્રમ ઉર્ફે કાકાએ બહારથી ગ્રાહકો બોલાવી ભોગબનનાર સાથે શરીર સબંધ બંધાવી ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ વૈશ્યાવૃતિનો ધંધો કરાવી તેમજ આરોપી નં.૩ તથા ૧૨ નાએ પણ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધી આ કામના તમામ આરોપીઓએ ભોગબનનાર સગીર વયના હોવાનું જાણવા છતાં વારાફરતી રાજકોટની અલગ અલગ હોટલમાં લઈ જઈ અવારનવાર શરીર સબંધી જાતીય સતામણી કરી ગુન્હો કરેલો છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થતા તેના પોકસો કેસ નં.૨૭/૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં ચાલી રહેલ છે.

વધુમાં હાલના કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામનો ગુનો જઘન્ય પ્રકારનો રહેલ છે. વધુમાં આ કામે ફરીયાદી તથા ભોગબનનારનાઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. તે માત્રથી કેસના સંજોગોમાં મહત્વનો ફેરફાર થયેલ હોવાનું ગણી શકાય નહી. વધુમાં આ કામે કેસ ફરીયાદપક્ષના પુરાવા માટે રહેલ છે. ફરીયાદપક્ષના અન્ય સાહેદો તપાસવાના બાકી રહેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીએ આરોપી કિરણ કાલુસીંગ લાલગીરી બીસ્ટ છત્રી(નેપાળી)નાઓને નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરેલ હોય પેરીટીનો લાભ આપી હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. જો કે આ કામે રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીનો ગુનાના કામે અતિ મહત્વનો અને ગંભીર પ્રકારનો રોલ રહેલ છે. વધુમાં આ કામે અરજદારની અગાઉ જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. તેમજ અગાઉ જામીન અરજી નાંમજુર કરવામાં આવેલ ત્યાર બાદ કોઈ મહત્વના સંજોગોમાં ફેરફાર થયેલ હોવાનુ ફલિત થતુ નથી. વધુમાં હાલના કામનો આક્ષેપિત ગુનો ધ્યાને લેવામાં આવે તો, જઘન્ય પ્રકારનું કૃત્ય રહેલ છે. જેથી આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સીધી અસર સમાજ પર પડે તેમ છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (ક્રીમીનલ) નં.૧૩૩૭૮ ઓફ ૨૦૨૪ એકસ વિ.સ્ટેટ ઓફ રાજસ્થાન તા.૨૭/૧૧/૨૦૨૪ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, રેપ, મર્ડર, વિગેરે ગંભીર પ્રકારના ગુનામાં ટ્રાયલ શરૂ થાય અને સાહેદોને તપાસવામાં આવે તેવા સંજોગોમાં આરોપીને જામીન આપવા જોઈએ નહી કારણ કે તેવા સંજોગોમાં પુરાવા સાથે છેડછાડની શકયતા રહેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

- હાલના અરજદાર/આરોપી હાર્દિક ઉર્ફે હર્ષીલ દિપકભાઈ ઝાપડા, રહે.ગામ.કાંગશીયાળી, ધાર સોસાયટી, તા.ધોરાજી, જી.રાજકોટવાળાની જૂનાગઢ એ ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૪૦૭૯૯/૨૪, બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧), ૯૯ તથા પોક્સો ૪,૫ (એલ), ૬,૮,૧૨ મુજબના ગુન્હાની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા. ૧૭-૦૩-૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)